ડુમસની શિક્ષિકાની ચેઇન આંચકી લેવાઇ

સુરત : પાંડેસરા વિસ્તારમાં ગણેશનગર પોલીસ કોલોની સામે રહેતા વિનિતા આશિષ સિંહ (ઉ.વ. ૩૨) ડુમસ ખાતે આવેલી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. ગત તારીખ ૫ સપ્ટેમ્બરના રોજ શાળામાં શિક્ષક દિનની ઉજવણીનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેઓ અન્ય શિક્ષિકાને ઘરે મૂકી તેમના ઘર તરફ જવા નીકળ્યા હતાં ત્યારે મોટરસાઇકલ પર આવેલા બે અજાણ્યા તેમના ગળામાંથી રૂપિયા ૧૪.૭૩ ગ્રામ વજનની અને રૂ. ૫૩,૦૦૦ની ચેઇન આંચકી પલાયન થઇ ગયા હતાં.

મોટા વરાછામાં પાર્ક કરેલી કારમાં આગ

સુરતઃ મોટા વરાછામાં એ.આર મોલ ની પાછળ આવેલા ગજેરા સર્કલ પાસે શ્રી સાઈ મલ્હાર ટ્રોસાના પાર્કિંગમાં શનિવારે વહેલી સવારે પાર્ક કરેલી ફોર વ્હીલમાં અચાનક આગ ભડકી ઉઠી હતી. જેના લીધે ત્યાં વધુ પ્રમાણમાં ધુમાડો નીકળતા સ્થાનિક લોકોમાં ભાગદોડ થઈ જવા પામી હતી. કોલ મળતા ફાયર જવાનો ત્યાં પહોંચી પાણીનો મારો ચલાવીને થોડા સમયમાં આગ બુજાવી હતી.

પતિ સાથેના ઝઘડા બાદ તણાવમાં રહેતી પરિણીતાનો આપઘાત

સુરતઃ મૂળ અમરેલીના અને હાલ સરથાણા યોગીચોક ખાતે આવેલી રામ મંદિર સોસાયટીમાં રહેતા ૩૫ વર્ષીય કિરણ ચંદ્રેશ વઘાસિયાનો પાંચ-છ મહિના પહેલાં પતિ સાથે કોઈક બાબતને લઈને ઝઘડો થતાં તે અમરોલી જૂનો કોસાડ રોડ પર આવેલા સાઈ લક્ઝરીયામાં માતા-પિતાને ત્યાં રહેવા આવી ગઈ હતી. આજે બપોરે કિરણે પિયરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પાંડેસરામાં ગેરેજમાં બાળમજૂરી કરાવતો સંચાલક ઝડપાયો

સુરતઃ સુરતમાં માનવ તસ્કરી વિરોધી એકમ (A.H.T.U.)એ પાંડેસરા G.I.D.C. સ્થિત 'રાજુ ગેરેજ'માં દરોડો પાડી ૧૩ વર્ષના સગીર બાળમજૂરને મુક્ત કરાવ્યો છે. આરોપી ગેરેજ માલિક રાજેશકુમાર યાદવ (રહે.,નીલ હોમ સોસાયટી, ડિંડોલી, સુરત, મૂળ-પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ) બાળક પાસે રોજના માત્ર ૧૦૦ આપી સવારના ૧૦થી સાંજના ૬ વાગ્યા સુધી મજૂરી કરાવતો હતો. પોલીસે આરોપી સામે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ અને બાળમજૂરી વિરોધી કાયદા હેઠળ કાર્યવાહી કરી વધુ તપાસ પાંડેસરા પોલીસને સોંપી છે. મુક્ત કરાવેલા બાળકને કતારગામના વી.આર.પોપાવાલા બાળ આશ્રમ મોકલાયો છે.

વરાછામાં ધો.૫ની વિદ્યાર્થિનીનો ફાંસો ખાઇ આપઘાત

સહજાનંદ સોસાયટીના ઘરનો દરવાજો અંદરથી બંધ હતો, પાડોશીઓની મદદથી ખોલ્યો

બાળકોના વર્તનમાં આવતા નાના ફેરફારોને અવગણવા નહીં

નવી સિવિલ હોસ્પિટલના માનસિક રોગ વિભાગના સહપ્રાધ્યાપક ડો. કમલેશ દવેના જણાવ્યા પ્રમાણે કિશોરો અને બાળકોમાં માનસિક સમસ્યાઓનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે. ડિપ્રેશન, ચિંતારોગ અને ADHD જેવી સમસ્યાઓ કેટલાક બાળકોના વર્તન અને આવેગ પર અસર કરી શકે છે. આ ઘટના માત્ર એક પરિવારની કરુણ ઘટના નથી, પરંતુ બાળકોના માનસિક સ્વાસ્થ્ય અંગે પણ ગંભીર સવાલો ઊભા કરે છે. સામાન્ય રીતે નાના બાળકોની મુશ્કેલીઓને પરિવાર દ્વારા અભ્યાસ, ટ્યુશન, મોબાઇલ, રમતગમત કે રોજિંદી નાની-મોટી બાબતો સાથે જોડીને જોવામાં આવે છે. પરંતુ બાળકના મનમાં ચાલી રહેલી ચિંતા કે તણાવ ઘણી વખત બહારથી સ્પષ્ટ દેખાતો નથી. બાળક અચાનક એકલું રહેવા લાગે, સતત ઉદાસ રહે, ઊંઘ અથવા ખાવાની ટેવમાં ફેરફાર થાય, અભ્યાસ કે મિત્રો પ્રત્યે રસ ઘટે અથવા વારંવાર પોતાની જાતને નિરર્થક ગણાવતું હોય તો આવા સંકેતોને ગંભીરતાથી લેવા જરૂરી છે.

સુરતઃ સુરતના વરાછા વિસ્તારમાં ધોરણ-૫માં અભ્યાસ કરતી 10-11 વર્ષની વિદ્યાર્થિનીના મોતની ઘટનાએ પરિવાર સહિત આસપાસના વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. સહજાનંદ સોસાયટીમાં રહેતા પરિવારની દીકરી ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી. વરાછાની સહજાનંદ સોસાયટીમાં રહેતા વિજય કુશવાહા અને તેમનાં પત્ની રોજિંદા કામ માટે બહાર ગયા હતા.

ઘરે તેમના ચાર બાળકો હતા. સાંજના સમયે બાળકોને ટ્યુશન માટે મોકલવાના હોવાથી માતા ઘરે આવી હતી. જોકે, ઘરના મુખ્ય દરવાજાને અંદરથી કાંટો મારેલો હોવાથી તે ખોલી શકાયો નહોતો. માતાએ પાડોશીઓને જાણ કરતાં તેઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ત્યારબાદ દરવાજો ખોલવામાં આવ્યો હતો. અંદર પ્રવેશતાં ધોરણ-5માં અભ્યાસ કરતી દીકરી રોલી ગંભીર હાલતમાં જોવા મળી હતી. પરિવારજનોએ બાળકીને તાત્કાલિક નીચે ઉતારી હતી, પરંતુ તેનું મોત થઈ ચૂક્યું હતું.

ભેસ્તાનમાં સોમેશ્વર સોસાયટી પાસેથી ૧૧.૩૧ લાખનો દારૂ ઝડપાયો

સુરતઃ ભેસ્તાનની સોમેશ્વર સોસાયટી નજીકથી પોલીસે દારૂની રૂ. ૭.૭૧ લાખથી વધુની કિંમતનો ૧૮૨૪ નંગ બાટલી ઝડપી લીધી હતી તેમજ ત્યાંથી વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો, XUV ૫૦૦ ફોરવ્હીલર ગાડી અને મોબાઇલ મળી કુલ રૂ. ૧૧,૩૧,૫૫૨નો મુદ્દામાલ જપ્ત કરીને એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે માલ આપનાર અને મંગાવનાર બે આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. પકડાયેલા આરોપીનું નામ આરોપી સુફિયાન હકીમુદ્દીન ફારૂકી (ઉ.વ. ૨૯, ધંધો-ડ્રાઇવિંગ, રહે. ગણેશનગર, એસ.બી.આઇ. બેંકની પાછળ, ભેસ્તાન, મૂળ રહે. મારૂલ, તા. યાવલ, મહારાષ્ટ્ર) છે. ભેસ્તાન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ બ્રિજરાજસિંહ જગદિશસિંહ તથા સ્ટાફને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ડિંડોલીમાં માથાભારે રોહિત ચાર લાખનો આતંક

શાકભાજી અને લારીવાળાના ગળા પર ચપ્પુ મૂકી લૂંટી લે છે

ડિંડોલીની મીઠાઇની દુકાનમાં ઘૂસી જઇ લૂંટ ચલાવતા પકડાયો

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં લારીવાળી અને દુકાનદારોને ચપ્પુની અણીએ લૂંટી લેનારાની પોલીસે ધરપકડ કરી છે. અગાઉ હત્યા, મારામારી અને હુમલા જેવી ગંભીર ઘટનાઓમાં સંડોવાઈ ચૂકેલા રોહિત ઉર્ફે ચાર લાખનો અહીં ભારે આતંક જોવા મળ્યો છે. બે દિવસ પહેલા લારીવાળાને લૂંટવાની ઘટનામાં ફરિયાદ નહીં થતાં તે વધુ ઉગ્ર બન્યો હતો અને દુકાનદારને લૂંટી લીધો હતો.

ગઇ તારીખ ૧૧મી સપ્ટેમ્બરના રોજ રાત્રે પોણા નવેક વાગ્યે રોહિત ઉર્ફે ચાર લાખે જી-નાઈન બીઝનેસ સેન્ટરમાં આવેલી 'શ્રી ગોવિંદમ ભોગ સ્વીટ્સ એન્ડ સ્નેક્સ' નામની દુકાનમાં ઘૂસી મેનેજર વિનાયક પવન શર્મા તથા સ્ટાફના ગળા પર ચાકુ મૂકી રૂ. ૩૭,૨૦૦ લૂંટી લીધા હતા. બનાવ અંગે મેનેજરે તાત્કાલિક ૧૧૨ નંબર પર કંટ્રોલને ફોન કરતા ડિંડોલી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સામે જ રાધિકા હોમ્સના ફ્લેટ નં. એ/૧૦૩માં છુપાયેલા રોહિત સોનવણેને પકડીને સીધી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી.

નવાઈની વાત એ છે કે, આ જ રોહિત ઉર્ફે ચાર લાખે આ ઘટનાના બે દિવસ પહેલા એટલે કે ૯મી સપ્ટેમ્બરના રોજ સાંજે સાતેક વાગ્યે જી-નાઈન મોલ સામે જાહેર રોડ પર લારી ચલાવતા ગરીબ અને નિર્દોષ શાકભાજી-ફળના વેપારીઓને ચાકુ બતાવીને આતંક મચાવ્યો હતો. તેણે ટામેટાની લારી ચલાવતા અને ડિંડોલીની બાલાજી સોસાયટીમાં રહેતા કમલેશકુમાર ગૌતમ પાસેથી રૂ. ૧,૦૦૦, પાનીપુરી વાળા માનવ પાલ, ફળની લારીવાળા સચિન પાલ, સંતોષ રાવત, વિકાસ ચૌહાણ, આકાશ પાલ, અવધ વર્મા, અજય કેસરવાની તેમજ એક મકાઈ વેચતા માસી પાસેથી રૂ. ૧૦૦-૧૦૦ મળી કુલ રૂ. ૧,૮૦૦ની લૂંટ ચલાવી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો.

માથાભારે આરોપીના ડરથી રોજનું કમાઈને રોજ ખાતા આ નાના વેપારીઓ તે વખતે પોલીસ મથકે જઈ શક્યા નહોતા. પરંતુ જ્યારે ૧૧મી સપ્ટેમ્બરની રાત્રે સ્વીટ્સની દુકાનમાં લૂંટ કરી પોલીસ આરોપી રોહિતને પકડીને લઈ ગઈ, ત્યારે તમામ લારીવાળાઓએ હિંમત એકઠી કરી ૧૨મી સપ્ટેમ્બરના રોજ ડિંડોલી પોલીસ મથકે પહોંચી અલગથી ફરિયાદ નોંધાવી હતી.

રક્તની અછત વચ્ચે 'વિઘ્નહર્તા'ના ઉત્સવમાં રક્તદાનનો મહાયજ્ઞ

બ્લડની અછત થતાંગણેશ મંડળો આગળ આવ્યાં

તા. ૧૪થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન ૧૦ ગણેશ મંડળો દ્વારા રક્તદાન શિબિરોનું આયોજન

છેલ્લા પાંચ વર્ષમાં ૭૯ શિબિરોમાં ૪,૫૨૦ યુનિટ રક્ત એકત્રિત થયું

ભક્તિ સાથે માનવધર્મ નિભાવવાનો અવસર

ગણેશોત્સવ દરમિયાન શહેરમાં વિવિધ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. તેમાં રક્તદાન જેવી સેવાકીય પ્રવૃત્તિ અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનરક્ષક બની શકે છે. એક વ્યક્તિનું સ્વૈચ્છિક રક્તદાન જરૂરિયાતમંદ દર્દીઓ માટે અમૂલ્ય સાબિત થઈ શકે છે. રક્તના વિવિધ ઘટકોના ઉપયોગથી એક રક્તદાનથી ત્રણ વ્યક્તિઓને લાભ મળી શકે છે.

ગણેશોત્સવમાં રક્તદાનનો ઉત્સાહ ઘટ્યો, બે વર્ષમાં યુનિટમાં 50% ઘટાડો

સુરત રક્તદાન કેન્દ્રમાં ગણેશોત્સવ દરમિયાન યોજાતા રક્તદાન શિબિરોમાં છેલ્લા બે વર્ષથી રક્તદાતાઓનો ઉત્સાહ ઘટ્યો હોવાનું આંકડાઓ પરથી સામે આવ્યું છે. 2023માં 15 શિબિરમાં 1,293 યુનિટ રક્ત એકત્ર થયું હતું, જે 2025માં 15 શિબિર છતાં ઘટીને માત્ર 665 યુનિટ રહ્યું છે. એટલે બે વર્ષમાં રક્ત એકત્રિત થવામાં આશરે 49 ટકા ઘટાડો નોંધાયો છે. 2024માં પણ 21 શિબિરો યોજાઈ હોવા છતાં 990 યુનિટ જ રક્ત મળ્યું હતું. ગણેશોત્સવ દરમિયાન રક્તદાન પ્રત્યે લોકોમાં ફરી જાગૃતિ વધારવાની જરૂરિયાત આ આંકડાઓ દર્શાવે છે.

છેલ્લાં પાંચ વર્ષમાં સુરત રક્તદાન કેન્દ્રમાં ગણેશ ઉત્સવમાં થયેલા રકતદાન શિબિરોની વિગત

વર્ષ	શિબિરની સંખ્યા	રક્ત યુનિટ
2021	10	594
2022	18	978
2023	15	1293
2024	21	990
2025	15	665

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા પખવાડિયાથી વિવિધ બ્લડ ગ્રુપના રક્તની અછત વર્તાઈ રહી છે ત્યારે હવે આ અછત દૂર કરવા માટે ગણેશોત્સવના અવસરને સેવાયજ્ઞમાં ફેરવવાનો પ્રયાસ હાથ ધરાયો છે. શ્રીજીની ભક્તિની સાથે માનવસેવાનો સંદેશ આપતાં શહેરના વિવિધ ગણેશ મંડળો દ્વારા આગામી તા. ૧૪થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત રક્તદાન કેન્દ્ર દ્વારા શહેરીજનોને પણ આ શિબિરોમાં મોટી સંખ્યામાં જોડાઈ સ્વૈચ્છિક રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે. સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરના પી.આર.ઓ. નિતેષ મહેતાના જણાવ્યા મુજબ, છેલ્લા પખવાડિયાથી શહેરમાં રક્તના વિવિધ ગ્રુપની અછત જોવા મળી રહી છે. વિઘ્નહર્તા શ્રી ગણેશજીના ઉત્સવમાં રક્તની અછતનું વિઘ્ન દૂર થાય તે માટે ગણેશ મંડળો દ્વારા સેવાકીય પહેલ કરવામાં આવી છે.

ગણેશોત્સવ દરમિયાન રક્તદાન શિબિરો યોજવાની પરંપરા સુરતમાં વર્ષોથી જોવા મળે છે. છેલ્લા પાંચ વર્ષના આંકડા પર નજર કરીએ તો ૨૦૨૧માં ૧૦ શિબિરમાં ૫૯૪ યુનિટ, ૨૦૨૨માં ૧૮ શિબિરમાં ૯૭૮ યુનિટ, ૨૦૨૩માં ૧૫ શિબિરમાં ૧,૨૯૩ યુનિટ, ૨૦૨૪માં ૨૧ શિબિરમાં ૯૯૦ યુનિટ અને ૨૦૨૫માં ૧૫ શિબિરમાં ૬૬૫ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. આમ પાંચ વર્ષમાં કુલ ૭૯ શિબિરમાં ૪,૫૨૦ યુનિટ રક્ત એકત્રિત થયું છે. શહેરમાં હાલ વર્તાઈ રહેલી રક્તની અછતને ધ્યાનમાં રાખીને સુરત રક્તદાન કેન્દ્ર દ્વારા ગણેશ મંડળો ઉપરાંત સામાન્ય નાગરિકોને પણ 'શ્રીજીની ભક્તિ સાથે રક્તદાન'ના સેવાયજ્ઞમાં જોડાવા અને વધુમાં વધુ રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે.

10 મંડળોનો સેવાસંકલ્પ

● એમ્પાયર ગણેશ ઉત્સવ-ઉધના ● યંગ સિટીઝન ગ્રુપ-ઈચ્છાનાથ ● કે.પી. સ્ટ્રીટ યુવક મંડળ-ભીમપોર ● શક્તિ મંડળ-ભીમપોર ● રોવિલ યુવક મંડળ-ભટાર ● ભરથાણા યુવક મંડળ-વેસુ ● રોયલ આર્કેડ યુવક મંડળ-પીપલોદ ● પ્રગતિનગર યુવક મંડળ-પીપલોદ ● મીરાનગર યુવક મંડળ-ઉધના

કેનેડા જવાનું સપનું તૂટ્યું, અડાજણમાં સોફ્ટવેર એન્જિનિયરે જીવન ટુંકાવ્યું

સુરતઃ મૂળ ઓલપાડના અને હાલ અડાજણ પાલનપુર જકાતનાકા પાસે સંત તુકારામ સોસાયટીમાં રહેતા અંકિતભાઈ નરેન્દ્રભાઈ મોરકર સોફ્ટવેર એન્જિનિયર તરીકે નોકરી કરતાં હતા.

અગાઉ અમદાવાદ, વડોદરા અને પુણેમાં નોકરી કરી ચૂકેલા અંકિતભાઈએ વધુ સારી તક અને બઢતી મેળવવા પુણેની કંપનીમાંથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ તેઓ ઘરેથી વિવિધ કંપનીઓના ઇન્ટરવ્યૂ આપી રહ્યા હતા. આ દરમિયાન પત્ની સાથે કેનેડા જવા માટે કરેલી વિઝા અરજી પણ રિજેક્ટ થઈ હતી. ગઈકાલે બપોરે તેમણે ઘરે બેડરૂમમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. અડાજણ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નોટીસ

PUBLIC NOTICE

બાજુના ફોટામાં જણાવેલ વ્યકિત નામે "સંકેત રાજેશ નાયક" કે જેઓ અમારી મોસાલી બ્રાંચમાં કાર્યરત હતા તેઓને તાત્કાલીક અસરથી આજ રોજ અમોએ છુટા કરેલ છે. તો આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે અમારી કંપનીના નામે ઉપરોકત જણાવેલ વ્યકિત સાથે કોઈએ કોઈપણ પ્રકારના નાણાંકીય કે અન્ય કોઈ વ્યવહાર કરવા નહી અને કરશો તો અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.
જેઓનો આધાર કાર્ડ નં.૩૧૫૩ ૯૬૮૮ ૭૮૬૭ છે.

The person mentioned in the photo beside, **Sanket Rajesh Naik**, who was working in our Mosali branch, has been **dismissed by us with immidiate effect.** So, this public notice is to inform you that no one should do any kind of financial or other transaction with the above mentioned person in the name of our company and if you do, we will not be responsible for any kind of transaction. The public should take note of this. His
Adhar Card No. is 3153 9688 7867.

Place : Surat
Date : 13-9-2026

Management
GANESH HYUNDAI-Surat

: ટાઈટલ ક્લીયરન્સ અંગેની નોટીસ :
સુરતના મોજે ગામઃ દેવધના સર્વે/બ્લોક નંઃ૬૨, વાળી જમીન

સુરત ડિસ્ટ્રીકટ, ચોરાસી સબ-ડીસ્ટ્રીકટ, મોજે ગામઃદેવધ ના જુનો સર્વે નં.૫૩, બ્લોક નં.૬૨, જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ ૮૭૦૧ ચો.મી. છે, જેનો સીટી સર્વે વોર્ડઃ દેવધ (બીનખેતી), સીટી સર્વે નં.:NA૬૨, શીટ નં. NA૯૯, જેનું સીટી સર્વે મુજબ જમીનનું ક્ષેત્રફળ ૮૭૦૧ ચો.મી. છે તે પૈકી ૪૩૫૦.૫૦ ચો.મી. વાળી બિનખેતીની જમીન. ના માલીક (૧)શ્યામલ ઉપાધ્યાય, (૨)પુજન ઉપાધ્યાય, બંને રહેવાસીઃ સીટી સર્વે નં. ૫૦૦૦૧/૧, સોલ બે, અવધ કલાસીમાની બાજુમાં, સાંઈબાબા મંદિરની ગલીમાં, રૂંઢ, સુરત-૩૯૫૦૦૭ નાઓએ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ અમો પાસે માંગેલ છે. સદરહુ જમીન ઉપર જો કોઈ ઈસમનો, બેંકનો, સરકારી, અર્ધ સરકારી સંસ્થાનો, ખાનગી સંસ્થાનો કે અન્ય કોઈ હરકોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, કબજો, ભોગવટો કે કોઈપણ પ્રકારનો બોજો હોઈ તો આ નોટીસ પ્રસિધ્ધ થયેલ દિન-૭ મા લેખિત પુરાવા સહીત જણાવવું. જો તેવું કાંઈ માલૂમ પડશે નહી તો તેવા તમામ પ્રકારના હકકો છોડી દીધેલ ગણી સબ-રજીસ્ટ્રારશ્રીના રેકર્ડના આધારે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે, જે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત
દિનેશચંદ્ર એન. ઉપાધ્યાય એસોસિએટ્સ
ઠે. ૩૦, મહેક બંગલો, વી.ટી. ચોકસી લો-કોલેજની બાજુની ગલીમા, પાર્લે પોઈન્ટ, સુરત.
તા. ૧૩/૦૯/૨૦૨૬
પ્રણવ ડી. ઉપાધ્યાય
ધવલ ડી. ઉપાધ્યાય
એડવોકેટ્સ

ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન
લાલભાઇ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, સુરત-ડુમસ રોડ, સુરત.

વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનની વાર્ષિક સાધારણ સભા તા. ૦૪-૧૦-૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે બ્રોડકાસ્ટિંગ હોલમાં મળશે. જેમાં નીચે મુજબના કામો હાથ ધરવામાં આવશે. સભામાં અગાઉનાં વર્ષો અને સને ૨૦૨૫-૨૬ નો નિભાવ ખર્ચ (મેઇન્ટેનન્સ ફી) ભરનાર સભ્યો જ ભાગ લઇ શકશે.

૧. તા. ૦૨-૧૦-૨૦૨૫ના રોજ મળેલી સને ૨૦૨૪-૨૫ની વાર્ષિક સામાન્ય સભાની મિનિટસ વાંચનમાં લઇ મંજુર કરવા બાબત.
૨. સંસ્થાના વાર્ષિક અહેવાલની નોંધ લેવા બાબત અને તા. ૦૧-૦૪-૨૦૨૫ થી તા. ૩૧-૦૩-૨૦૨૬નાવર્ષના ઓડીટ અહેવાલ અને કારોબારી સમિતિએ મંજુર કરેલ આવક-જાવકના હિસાબો મંજુર કરવા બાબત.
૩. સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે ઓડીટરની નિમણૂંક કરવા તથા મહેનતાણું નકકી કરવા બાબત.
૪. પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થતા કામો.

-: નોંધ :-
૧. કોરમ સંખ્યાના અભાવે મુલતવી રહેલ સભા ૧૫ મિનિટ પછી તે સ્થળે તે જ કામ માટે મળશે અને થયેલા કામો કાયદેસરનાં ગણાશે.
૨. સંસ્થાને લગતા કોઇપણ હિસાબી પ્રશ્નો હોય તો સભાની તારીખના ૧૦ દિવસ અગાઉ સેક્રેટરીશ્રીને લેખિતમાં મોકલી આપવા વિનંતી. ત્યારબાદ આવેલા પ્રશ્નો ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.
૩. વાર્ષિક સામાન્ય સભાનો વાર્ષિક અહેવાલ સંસ્થાની વેબસાઇટ www.sdca.in પર મૂકવામાં આવેલ છે તથા સભ્યોના રજીસ્ટ્રર મોબાઇલ નંબર પર વાર્ષિક અહેવાલની લીંક મોકલવામાં આવશે.

તા.: ૧૩/૦૯/૨૦૨૬
(હિતેશ ડી. પટેલ) સેક્રેટરી
ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન

મુળ કબજા રસીદો (ફાઈલો) ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડી. સુરત, તાલુકો : અડાજણ, મોજે : અડાજણના **રે.સ.નં. ૩૩૯**, જેને **ટી.પી.સ્કીમ નંબર ફાયનલ** થતા **ટી.પી.સ્કીમ નં.૧૩ (અડાજણ)** થયેલ. જેને **ફાયનલ પ્લોટ નં. ૩૦૪** આપવામાં આવેલ. જે બિનખેતીની જમીન પર બનાવવામાં આવેલ **''હિમગીરી સોસાયટી''** ના નામે ઓળખાતી અને એમાં આવેલ **બિલ્ડીંગ નં.૪** જમના ના પહેલા માળ પર આવેલ **ફલેટ નં. બી-૫** છે. જેનો સુમારે ક્ષેત્રફળ **૪૬૫ ચો.ફુટ** છે. જેનો મ્યુનીસિપલ **ટેનામેન્ટ નં.૦૧૭બી-૦૭-૩૪૭૧-૦-૦૦૧** છે. જે મિલકત **ગીતાબેન ઈશ્વરભાઈ હજારી** ના નામે અને કબજા ભોગવટામાં ચાલી આવેલ છે. **ગીતાબેન ઈશ્વરભાઈ હજારી** એ સદરહુ મિલકત ગોવિંદભાઈ નાથાભાઈ પટેલ પાસેથી સાલ : ૨૦૦૫ ના અરસામાં કબજા રસીદની રૂએ ખરીદ કરેલી હતી. ગોવિંદભાઈ નાથાભાઈ પટેલ નાએ સદરહુ મિલકત અશોકભાઈ ઓધવજીભાઈ હોનરવ પાસેથી સાલ : ૧૯૮૭ ના અરસામાં કબજા રસીદની રૂએ ખરીદ કરેલી હતી. ત્યારબાદની ઉત્તરોત્તરની ઓરીજીનલ કબજા સહિતનો વેચાણ કરાર/મુળ કબજા રસીદો (ફાઈલો) ગુમ/ખોવાયેલ/ ગેરવલ્લે થયેલ છે. તેવુ જણાવેલ છે. જેથી સદરહુ મિલકત પર કોઈ બેંક, સંસ્થા, સોસાયટી યા જમીન માલિક કે અન્ય કોઈપણ વ્યકિતનો ચાર્જ, હિત સંબંધ યા બોજો હોય, તો તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** માં હમોને નીચે જણાવેલ સરનામે લેખીતમાં જાણ કરવી. જો સદર મુદતમાં કોઈ લેખીત વાંધા રજુ કરવામાં આવશે નહી તો સદરહુ મિલકત સંબંધે કોઈનો ચાર્જ, હિત, સંબંધ યા બોજો વિગેરે નથી અને જો હોય તો તે ત્યજી/વેવ કરેલ છે, તેમ ગણી સદરહુ મુળ કબજા રસીદો(ફાઈલો) ખરેખર ગુમ/ખોવાયેલ/ ગેરવલ્લે થયેલ છે. તેમ માની સદરહુ મિલકત ચોખ્ખી, માર્કેટેબલ અને બોજા રહિત હોવાનું માની લેવામાં આવશે અને મુદત બાદના કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર વિગેરે ચાલશે નહી જેની નોંધ લેવી.

અમારા અસીલોની સુચના અને સંમતિ તેમજ તેમણે જણાવેલ વિદ્યાનોથી આપેલ છે. તા.૧૩.૦૯.૨૦૨૬, રવિવાર

મારી મારફત : **દ્રષ્ટિ કે. ગજજર** (એડવોકેટ)
ઓફિસ : શોપ નં.૯, શાંતિ સદન એપાર્ટમેન્ટ, ટેકરાવાળા સ્કૂલની સામે, પાલનપુર પાટિયા, સુરત-૦૫. મો.નં. ૯૨૨૭૭-૦૬૮૭૨, ૮૨૩૮૮-૮૩૭૩૨

જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો માંગરોલ ના મોજે ગામ **બોરસદ** ના રેવન્યુ સર્વે નંબર : ૨૪/૧, બ્લોક નંબર : ૪૮ વાળી સુમારે હે. ૪ **આરે ૭૫, ૬૭ ચોરસ મીટર** ક્ષેત્રફળ તથા રૂા.૩૨.૫૦ પૈસા આકાર વાળી અસલ જુની શરતની ખેતીની જમીન (૧) **મહંમદ રફીક મુસ્તુફા જમાદાર** (૨) **શરીફાબીબી મુસ્તુફા જમાદાર** (૩) **ઝરીનાબીબી મુસ્તુફા જમાદાર** (૪) **મહંમદ ફારૂક મુસ્તુફા જમાદાર** ની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. મજકુર રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો માંગરોલ ના મોજે ગામ **બોરસદ** ના રેવન્યુ સર્વે નંબર : ૨૪/૧, બ્લોક નંબર : ૪૮ વાળી સુમારે હે. ૪ **આરે ૭૫, ૬૭ ચોરસ મીટર** ક્ષેત્રફળ તથા રૂા.૩૨.૫૦ પૈસા આકાર વાળી અસલ જુની શરતની ખેતીની જમીન પૈકી પશ્ચિમ દિશા તરફની **સુમારે ૧૨ વિઘા યાને ૨૮૫૩૬ ચોરસ મીટર** ખેતીની જમીન તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, હકક, હીત, સંબંધ કે દાવો, લીયન બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દીન-૭** માં અમોને લેખીત પુરાવાઓ લઈ મળવુ, તેમ થવામા કસુર થયેથી સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની, સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનના માલીકો (૧) **મહંમદ રફીક મુસ્તુફા જમાદાર** (૨) **શરીફાબીબી મુસ્તુફા જમાદાર** (૩) **ઝરીનાબીબી મુસ્તુફા જમાદાર** (૪) **મહંમદ ફારૂક મુસ્તુફા જમાદાર** ને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મારા અસીલના નામે કરી કરાવી લેવામા આવશે. ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો વિરોધ, દાવા-દુવી અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩૦૩, પાર્ક એવન્યુ, શ્રીધર પેટ્રોલ પંપ પાછળ, પોદ્દાર આર્કેડ થી લંબે હનુમાન રોડ, વરાછા, સુરત. મો. ૯૮૨૫૫ ૬૭૬૨૪
હર્ષદકુમાર બી. વાડદોરીયા
તે ખરીદનારના એડવોકેટ

મુળ કબજા રસીદો (ફાઈલો) ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડી. સુરત, તાલુકો : અડાજણ, મોજે : અડાજણના **રે.સ.નં. ૩૩૯**, જેને **ટી.પી.સ્કીમ નંબર ફાયનલ** થતા **ટી.પી.સ્કીમ નં.૧૩ (અડાજણ)** થયેલ. જેને **ફાયન